અત્યંત પ્રતિષ્ઠિત વિદ્યાસંસ્થાનોનાં મુસલમાન શિક્ષણવિદ્વોએ એકમતે જાહેર કરેલું છે કે અંગદાન નેકીનું કામ છે અને અમુક સંજોગોમાં તે એક ફરજ પણ છે. આ વિદ્યાસંસ્થાનો મુસલમાનોને અંગ પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ) માટે અંગદાન કરવા આગળ આવવાની હાકલ કરે છેઃ

- ધ શરિયાહ એકેડેમિ ઓફ ધ ઓર્ગેનોઝેશન ઓફ ઈસ્લામિક કોન્ફરન્સ (બધા જ મુસલમાન દેશોનું પ્રતિનિધિત્વ કરે છે)
- ધ ગ્રાન્ડ ઉલેમા કાઉન્સિલ ઓફ સાઉદી અરેબિયા
- ધ ઈરાનિયન રીલિજિયસ ઓથોરિટી
- ધ અલ-અઝહર એકેડેમિ ઓફ ઈજિપ્ત (વિશ્વની સૌથી ઊંચી સુન્નિ સત્તા)

## અંગદાન એક અદ્‌ભૂત ભેટ છે પણ હજુ વધારે દાનીઓની જરૂર છે

દરેક વ્યક્તિ તફાવત લાવી શકે છે.
કૃપા કરીનેઃ

- તમારાં કુટુંબીજનો સાથે વાત કરો
- તમારી ઈચ્છાઓ નોંધાવો
- ડોનર કાર્ડ સાથે રાખો

અંગદાન વિશે વધારે માહિતી મેળવવા, અથવા એન.એચ.એસ. ઓર્ગન ડોનર રજિસ્ટરમાં જોડાવા માટે સંપર્ક કરો અંગદાન વિશેની માહિતી નીચેના નંબરેથી મળી શકશેઃ

**ઓર્ગન ડોનર લાઈન**
**0845 60 60 400**
**www.uktransplant.org.uk**

ઈસ્લામ ધર્મ વિશેની માહિતી અહીંથી મળી શકશેઃ
www.bbc.co.uk/religion

## અંગ પ્રત્યારોપણ જીવન બચાવે છે

Compiled by Rachel Howitt, Bradford Hospitals NHS Trust
Produced by UK Transplant, Fox Den Road, Stoke Gifford, Bristol BS34 8RR
© UK Transplant April 2003



NHS

UK Transplant

# ઈસ્લામ અને અંગદાન

## અંગદાન અને મુસ્લિમ માન્યતાઓ વિશેની માર્ગદર્શિકા

Islam
and organ donation
Gujarati

### અંગદાન (ઓર્ગન ડોનેશન)

અંગદાન (ઓર્ગન ડોનેશન) એટલે, કોઈ વ્યક્તિના શરીરમાં કોઈ અંગનું પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ) કરવાની જરૂર હોય તો તેને મદદ કરવા માટે પોતાના અંગનું દાન કરવું. અંગનાં પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ) દ્વારા દર વર્ષે સેંકડો લોકોનાં જીવન બચાવવામાં આવે છે. મૃત્યુ પામેલાં લોકો દ્વારા જે અંગોનું દાન કરી શકાય, તેમાં હ્રદય, ફેફસાં, કિડનીઓ, લિવર, પૅન્ક્રિઅસ (પાચક પિંડ) અને નાના આંતરડાનો સમાવેશ થાય છે. બીજાંને મદદ કરવા માટે ચામડી, હાડકાં, હ્રદયનાં વાલ્વ અને આંખના પડદા જેવા ટિશ્યૂઓ પણ ઉપયોગી થઈ શકે છે.

### અંગદાન ક્યારે કરી શકાય?

કોઈનું જીવન બચાવવા માટે શક્ય તેટલું બધું જ કરવા માટે ડૉક્ટરો અને નર્સો કટીબદ્ધ છે. કોઈ વ્યક્તિનું જીવન બચાવવાના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા બાદ અને અંગ પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ) કરનાર ડૉક્ટરોની ટુકડીથી તદ્દન સ્વતંત્ર હોય તેવાં ડૉક્ટર કે ડૉક્ટરો દ્વારા મૃત્યુ બાદનું પ્રમાણપત્ર આપી દેવામાં આવે ત્યારબાદ જ પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ) કરવા માટે શરીરમાંથી અંગો કાઢી શકાય છે.

દાન કરવામાં આવેલાં મોટા ભાગનાં અંગો, મગજની ગંભીર ઈજાને કારણે મૃત્યુ પામેલાં અને જેમને ઈન્ટેન્સિવ કેર યૂનિટ (અતિ તીવ્રતાની સારવાર માટેના વિભાગ)માં વેન્ટિલેટર (દર્દી પોતાની જાતે શ્વસ ન લઈ શકતાં હોવાને કારણે મશીનની મદદથી શ્વાસ લેવામાં સહાય આપવી તે) ઉપર સારવાર આપવામાં આવેલી હોય તેવાં લોકોમાંથી મળતાં હોય છે. વ્યક્તિને જીવિત રાખવા માટે આવશ્યક હોય તેવા મગજના અત્યંત અગત્યના ભાગને મગજની ઈજાને કારણે નુક્સાન પહોંચ્યું હોય છે. એક વાર આ ભાગોનો નાશ થઈ ગયા બાદ કોઈ વ્યક્તિ જીવિત રહી શકતી નથી. આ ક્યારે થાય છે તે પરીક્ષણોમાં નિર્ણયાત્મક રીતે દેખાઈ શકે છે.

અમુક સંજોગોમાં, હોસ્પિટલમાં મૃત્યુ પામેલાં, પણ વેન્ટિલેટર ઉપર સારવાર ન મેળવતાં હોય તેવાં દર્દીઓ પણ અંગદાન કરી શકે છે. તેમને હ્રદયના ધબકારા બંધ થઈ ગયેલાં દાનીઓ કહેવામાં આવે છે.

કેટલીકવાર હોસ્પિટલમાં મૃત્યુ ન પામેલા લોકો પણ પોતાના ટિશ્યૂઓનું દાન કરી શકે છે.

### મંજૂરી

અંગદાન કરી શકાય તે પહેલાં, દર્દીઓનાં અતિ નિકટનાં સ્વજનોની મંજૂરી અથવા વાંધો નહિ હોવાની સ્વીકૃતિ હંમેશાં લેવામાં આવે છે. એટલા માટે જ લોકોએ પોતાની ઈચ્છાઓ વિશે પોતાનાં સ્વજનો સાથે ચર્ચા કરવાનું ઘણું જ અગત્યનું છે. દાન કરવું એ વ્યક્તિગત પસંદગી છે અને એક જ ધર્મનાં જૂથોની વચ્ચે પણ તે વિશે જુદાં જુદાં મંતવ્યો હોય છે. અંગદાન કરવા માટે સહમત થયેલાં ઘણાં પરિવારોએ કહેલું છે કે પોતાનું સ્વજન ગુમાવવાને લીધે પડેલી ખોટમાંથી કશુંક સારું કામ થયું હોવાનું જાણીને તેમને સારું લાગે છે.

### સંભાળ અને સન્માન

અંગો કાઢવાનું કામ અત્યંત સંભાળથી અને સન્માનપૂર્વક કરવામાં આવે છે. કુટુંબીજનો બાદમાં મૃતદેહ જોઈ શકે છે અને જો કુટુંબીજનોની ઈચ્છા હોય તો કર્મચારીઓ પાદરીનો કે સ્થાનિક ધાર્મિક વડાનો સંપર્ક કરી શકે છે.

## ઈસ્લામ અને અંગદાન

મુસલમાન ધર્મનું એક મૂળભૂત લક્ષ્ય જીવન બચાવવાનું છે, જે શરિયાહનું એક પાયાનું લક્ષ્ય છે. બીજાં લોકોને મૃત્યુથી બચાવનારાંને અલ્લાહ ખૂબ જ બદલો આપે છે.

જીવંત કે મૃત માનવ શરીરની કોઈ પ્રકારે અવગણના (કે શરીર સાથે ચેડાં) કરવા ઉપર સામાન્ય રીતે ઈસ્લામમાં મનાઈ ફરમાવવામાં આવી છે. જો કે, શરિયાહમાં આ મનાઈને અનેક બનાવો માટે ગેરમાન્ય કરવામાં આવેલી છેઃ સૌથી પહેલાં જરૂરતના કિસ્સાઓમાં અને બીજું અન્યનું જીવન બચાવવા માટે. ઈસ્લામનો કાનૂની સિદ્ધાંત, *'અલ-દરુરાત તાહવિહ અલ-મહદ્રાત'* (જરૂરતના સમયે મનાઈ હુકમનો અસ્વીકાર કરવો) અંગદાન સાથે સૌથી વધારે લાગેવળગે છે.

પાક્ કુરાનમાં કહ્યું છેઃ

*'કોઈ એક વ્યક્તિનું જીવન બચાવનાર વ્યક્તિએ સમગ્ર માનવજાતિનું જીવન બચાવ્યું હોવાનું ગણાશે.''*

કુરાન, પ્રકરણ 5, કલમ 32

*''તમે કદાચ બીમાર થાવ અને તમારા શરીરમાં બીજાં અંગનું પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ) કરવાની જરૂર પડે, તો તમને જોઈતું અંગ આપવા માટે કોઈ બીજી વ્યક્તિ તમારી મદદ કરે તેમ તમે જરૂરથી ઈચ્છશો.''*

શેખ ડૉ. એમ.એ. ઝાકી બદાવી, પ્રિન્સિપલ, મુસ્લિમ કોલેજ, લંડન

### જીવન બચાવવા માટેનો ફતવો

ગ્રેટ બ્રિટનની મુસ્લિમ લૉ કાઉન્સિલે નિર્ણય કર્યો હતો કેઃ

- મૃત્યુનાં ચિહ્નો નક્કી કરવા માટે યોગ્ય સત્તા તબીબી વ્યવસાય પાસે છે
- હાલના તબીબી જ્ઞાનમાં 'બ્રેઈન સ્ટેમ' મૃત્યુને (વ્યક્તિનું મગજ કામ કરતું બંધ થઈ જવું તે) મૃત્યુની યોગ્ય વ્યાખ્યા માનવામાં આવે છે
- કાઉન્સિલ અંગદાનના હેતુસર, 'બ્રેઈન સ્ટેમ' મૃત્યુને જીવનનો અંત હોવાના આવશ્યક પરિબળ તરીકે સ્વીકારે છે
- શરિયાહના નિયમોના આધારે, દર્દ ઓછું કરવાનો કે જીવન બચાવવાનો માર્ગ હોવા તરીકે અંગ પ્રત્યારોપણ (ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ)ને કાઉન્સિલ ટેકો આપે છે
- મુસલમાન લોકો ડોનર કાર્ડ પોતાની સાથે રાખી શકે છે
- મૃત્યુ પામેલ વ્યક્તિ પાસે જો ડોનર કાર્ડ ન હોય, અથવા તેમણે પોતાનાં અંગોનું દાન કરવાની ઈચ્છા અગાઉ જાહેર ન કરેલી હોય, તો બીજાં લોકોનાં જીવન બચાવવા માટે, મૃતદેહમાંથી અંગો કાઢવાની પરવાનગી મૃતકનાં વંશવારસો આપી શકે છે
- અંગો કોઈ જાતનો બદલો (કે વળતર) લીધા વગર મુક્તપણે આપવામાં આવ્યાં હોવાં જોઈએ
- અંગોનો વેપાર કરવા ઉપર મનાઈ છે.

*''બીજાં લોકોને મદદ કરનારને અલ્લાહ મદદ કરે છે.''*

રસુલ અલ્લાહ (સલ-અલ્લાહ ઓ અલ્લેહ ઈ વસલ્લમ)